# માર્ચ 16 થી સ્ટીલ્સ વેસ્ટ કોરિડોર માટે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસ ફરી શરૂ કરવામાં આવી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 15, 2021) – બ્રેમ્પટન ટ્રાન્ઝિટ મંગળવાર, માર્ચ 16 નાં રોજથી અમલી બનાવીને સ્ટીલ્સ વેસ્ટ કોરિડોર માટેની સર્વિસ ફરીથી શરૂ કરશે.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટે સ્ટીલ્સ વેસ્ટ કોરિડોરની સર્વિસ હંગામી ધોરણે સ્થગિત કરવાનો સંચાલનલક્ષી નિર્ણય પીલ પબ્લિક હેલ્થની ખૂબ સાવચેતીપૂર્વક સક્રિય તપાસ દરમિયાન લીધો હતો. સમીક્ષા હાથ ધરવામાં પીલ પબ્લિક હેલ્થ સાથે સહયોગ સાધીને કામ કરીને, સર્વિસ ફરીથી શરૂ થઇ રહી છે અને ઓપરેટર્સ, જાહેર જનતા કે ટ્રાન્ઝિટ પ્રવાસીઓને સામાન્ય સામુદાયિક ફેલાવાના જોખમ ઉપરાંત વધારાનું કોઇ જોખમ ચાલુ રહેતું નથી.

નીચે જણાવેલા રૂટ્સ પર નિયમિત સર્વિસ ફરીથી શરૂ થશે:

- 11 સ્ટીલ્સ
- 51 હીયરફોર્ડ
- 511 ઝુમ સ્ટીલ્સ

સર્વિસને લગતી અદ્યતન માહિતી માટે, કૃપા કરી વેબસાઈટ www.bramptontransit.com, બ્રેમ્પટન ટ્રાન્ઝિટને Twitter પર જુઓ અથવા 905.874.2999 નંબર પર કૉલ કરો.

**પીલ પબ્લિક હેલ્થ દ્વારા COVID-19 સામુદાયિક તપાસ**
પીલ પબ્લિક હેલ્થ પોતાની સામુદાયિક તપાસ પૂર્ણ કરે ત્યારે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ તેઓ સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

કર્મચારીઓ અને જાહેર જનતાને સુરક્ષિત રાખવામાં મદદરૂપ થવા પીલ પબ્લિક હેલ્થના નિર્દેશ અનુસાર, બ્રેમ્પટન ટ્રાન્ઝિટ ઓપરેટર્સને સ્થળ પર પરીક્ષણ પૂરું પાડ્યું છે અને તેઓએ મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. કેટલાક કિસ્સાઓમાં સેલ્ફ-આઇસોલેશન અનિવાર્ય છે, બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સર્વિસ લેવલ્સ પ્રભાવિત થવાનું ચાલુ રહી શકે. અમે આ સમયે પ્રવાસીઓને ધીરજ ધરવાની વિનંતી કરીએ છીએ.

પીલ પબ્લિક હેલ્થે સલાહ આપી છે કે પરીક્ષણ ખૂબ સાવચેતી રાખીને કરવામાં આવી રહ્યું છે. અત્યારે, વધારાના ઉપાયોની ભલામણો અનુસાર, પ્રવર્તમાન સામુદાયિક સંક્રમણને લીધે ઉપસ્થિત જોખમ ઉપરાંત ઓપરેટર્સ, જાહેર જનતા કે ટ્રાન્ઝિટ ઉપયોગકર્તાઓને વધારાનું કોઇ જોખમ નથી. સામુદાયિક સંક્રમણ સાથે, બધાં ટ્રાન્ઝિટ ઉપયોગકર્તાઓ માટે જાહેર આરોગ્ય ભલામણો અનુસરવાનું ચાલુ રાખવું મહત્વની બાબત છે. ટ્રાન્ઝિટનો ઉપયોગ કરશો નહિ જો તમને લક્ષણો જણાય અથવા COVID-19 નું નિદાન થયું હોય તેવી વ્યક્તિના ઘનિષ્ઠ સંપર્કમાં આવો. ટ્રાન્ઝિટ પર, વ્યક્તિઓ વચ્ચે શક્ય એટલું શારીરિક અંતર જાળવો, ચુસ્ત બંધબેસતો માસ્ક પહેરો અને તબીબી કટોકટી ઊભી થાય તે સિવાય માસ્ક્સ કાઢવાનું ટાળો (કંઈક ખાવા કે પીવા માટે માસ્ક કાઢવા સહિત).

સામુદાયિક તપાસને સંબંધિત વધુ વિગતો માટે, કૃપા કરી પીલ પબ્લિક હેલ્થનો સંપર્ક કરશો.

**બ્રેમ્પટન ટ્રાન્ઝિટ પર COVID-19 સુરક્ષા ઉપાયો**
વધારે સારી સફાઇ અને સ્વચ્છતા (સેનિટાઇઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને દર 48 કલાકે ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસોને હાલમાં દર 24 કલાકે સેનિટાઇઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઇઝ કરવામાં આવે છે.

પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, અમે પ્રવાસીઓને આ યાદ અપાવીએ છીએ:

- ટર્મિનલ્સ પર અને બસોમાં ચુસ્ત બંધબેસતા ફેસ કવરિંગ્સ કે નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે – તબીબી સ્થિતિઓ સહિત માફી ચોક્કસ લાગુ પડે છે. ફેસ કવરિંગ્સથી તમારું નાક, મોઢું અને દાઢી બધાં સમયે ઢંકિલા હોવા જોઈએ. તબીબી કટોકટી ઊભી થાય તે સિવાય માસ્ક્સ કાઢવાનું ટાળો (કંઈક ખાવા કે પીવા માટે માસ્ક કાઢવા સહિત).
- ટર્મિનલ્સમાં અને બસ સ્ટોપ્સ પર માસ્ક પહેર્યો હોય તો પણ વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવો.
- પ્રવાસ કરતી વખતે તમારું પોતાનું અંગત ડિસઈન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનિટાઈઝર કે વાઈપ્સ સાથે રાખો, અને પોતાના હાથ અવારનવાર ધોતા રહો.
- જો તમે બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો. સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઈટ પર પરીક્ષણ ચોક્કસ કરાવો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ પોતાના કર્મચારીઓ અને સમુદાયને સુરક્ષિત રાખવા COVID-19 સામે ઉઘાડા પડવાનું સંભવિત જોખમ ઓછામાં ઓછું કરવા જરૂરી બધાં પગલાઓ ભરવાનું ચાલુ રાખે છે.

**બેકગ્રાઉન્ડ (પશ્ચાદભૂ)**

- સ્ટીલ્સ વેસ્ટ કોરિડોર માટે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસ માર્ચ 10 થી સ્થગિત કરવામાં આવી
- COVID-19 ને પ્રતિભાવ આપવામાં માર્ચ 9 થી અમલી બનતા બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસમાં ફેરફારો

-30-


**સીટી ઓફ બ્રેમ્પટન મીડિયા સંપર્ક**
ગુરવિંદર સિંહ (Gurvinder Singh)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કોમ્યુનિકેશન્સ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca

**રીજીયન ઓફ પીલ મીડિયા સંપર્ક**
ઍશલી હૉકિન્સ (Ashleigh Hawkins)
કમ્યુનિકેશન્સ સ્પેશિયલિસ્ટ – જાહેર આરોગ્ય
રીજીયન ઓફ પીલ
416.818.4421 | ashleigh.hawkins@peelregion.ca